

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

*'પ્રવેશો' ફાંકા તો બૌ માર્યા, ટક્યાં કેટલાં ઈ તો જૂઓ!*
*શિક્ષણમાં રાષ્ટ્રીય-સ્તરે સ્થાન છે ક્યાં ઈ તો જૂઓ!*
*'ગુણોત્સવ'ના ગાણાં ગાનારાઓ કરો સ્વમૂલ્યાંકન -*
*કળાયેલ મોરલા! પૂંઠે શું દેખાય છે ઈ તો જૂઓ!*
*(શૈક્ષણિક સર્વેમાં ક્રમ)*

### હાઈકુ

*કાશ્મીર ખીણે*
*હોમાય યજ્ઞ કૂંડે -*
*શાંતિ ને સેના...*

*ભરો મિટીંગો!*
*કદીક તો મળશે!!*
*શાંતિ ઉકેલ...*

## ચિંતન

*છાયા વંતો ગતવ્યાલાઃ સ્વારોહાઃ ફલદાયિનઃ ।*
*માર્ગદ્રુમા મહાન્તશ્ચ પરેષામેવ ભૂતયે ॥*

જે છાંયડો આપે છે આશ્રય આપે છે, તેની આસપાસ સર્પ જેવાં-દુર્જન જંતુ નથી આવતાં અને તેમની પાસે નિર્ભય રીતે જઈ સકાય આસરો કે છાયા મેળવી શકાય, જે સારા-ફળ-પરિણામો આપે છે એવાં વૃક્ષોની માફક મહાન પુરુષો પણ એવા જ સ્વભાવના પરોપકારી અને આશ્રયદાતા જ હોય છે.

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સજ્જન પ્રશંસા' નો શ્લોક પરોપકારી સજ્જન લોકોના સ્વભાવની વાત કરતાં કહે છે કે :

આવા આશ્રયદાતાના ઓજસ્વી સ્વભાવના આવરણ આસપાસ દુર્જન લોકો આવી શકતા નથી. દુર્જન એમનાથી દૂર જ રહે છે. સજ્જનની નિશ્રામાં રહેતાં તેમના સત્સંગનાં સારા પરિણામો જ મળે છે. સજ્જનો સદાય અન્યના વિકાસ અને ઉન્નતિ માટે જ કામ કરે છે.

## સુવિચાર

- હું સર્વના સુખે સુખી, દુઃખે દુઃખી ભલે, મારી ન કોઈ ગણતરી, મારું કશું નથી - **હરજીવન થાનકી**
- આપણો બૂરો સ્વભાવ એ જ આપણું સંકટ છે - **કાજલ ઓઝા**
- તર્કનું સત્ય નહીં.... પરંતુ આત્માના મનોમંથનથી જન્મેલું સત્ય જ પૂર્ણ સત્ય છે - **અખંડ આનંદ**
- મૈત્રીનું ગણિત દિવસોની સંખ્યા કરતા
  સ્વભાવની ઊંચાઈ પર વધારે આધાર રાખે છે - **શાહબુદ્દીન રાઠોડ**
- સ્વભાવમાં નમ્રતા એ હંમેશા સદ્‌ગુણ છે,
  પણ સિદ્ધાંતમાં નરમાશ એ હંમેશા દુર્ગુણ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જ્ઞાનથી અભય, તપથી ગૌરવ અને યોગથી શાંતિ મળે છે - **જીવનસૂત્ર**
- આજનું ઔષધ : જીવજંતુના ડંખ ઉપર ગરમ કરેલા મીઠાની પોટલી બાંધવાથી રાહત થાય છે

## બોધકથા

આજકાલ બાળકો-વિદ્યાર્થીઓ પોતાનાં ભણવાનાં પાઠ્યપુસ્તકો પણ મરતે મરતે વાંચે છે ત્યાં ઈતર સંદર્ભ સાહિત્ય કે વિશેષ જ્ઞાનની અપેક્ષા તો એમની પાસે કયાંથી રાખી શકાય ?

ફ્રાંસના એક શહેરના એક પરિવારના દસ વર્ષના કિશોરને વાચનનો ખૂબ જ શોખ તેણે નાની વયમાં અનેક વિષય - ક્ષેત્રોનો અભ્યાસ કર્યો. કૉલેજ કક્ષા સુધી પહોંચતાં એણે - ડૉકટરની સલાહની અવગણના કરી આંખો ગૂમાવી દીધી પણ વાંચવાનું બંધ ન કર્યું.

માતા-પિતા-મિત્રોને કહી, મંગાવેલાં પુસ્તકો તે સાંભળતો અને એમ જ્ઞાનપિપાસાને શાંત-સમૃદ્ધ કરતો. આંતરચક્ષુ ખૂલતાં હવે જાતે પણ ચિંતનાત્મક પુસ્તકો લખવા - લખાવવાનું શરુ કર્યું. યુનિવર્સિટીની ડીગ્રીઓ મેળવી.

અને આખા ફ્રાંસમાં એના લખેલાં પુસ્તકોની મોટી માંગ હતી. આ તત્ત્વચિંતકનું નામ હતું. 'જયોં પોલ સાત્ર.'


# પ્રિમિયમ ટ્રેનો ફક્ત માલેતુજારો માટે જ

થોડા વખત પહેલાં કેન્દ્રના ઉડ્ડયન વિભાગે હવાઈ યાત્રાના દરોમાં નિયંત્રણ લાદવાનો આદેશ બહાર પાડી દેશી પ્રજા માટે વિમાનપ્રવાસ રસ્તો બનાવવાનું પ્રશંસનીય પગલું ભર્યું હતું. એ સંદર્ભે ચાલતી લૂંટ અટકાવવા માટે ખાનગી એરલાઈન્ટને પણ ચીમકી અપાઈ હતી. હવાઈ ભાડાં સંદર્ભે સરકારી યોજનાનો અમલ થયો કે નહીં તેની ખબર નથી પરંતુ રેલવે વિભાગ દ્વારા દેશમાં દોડતી ઝડપી ટ્રેનો - રાજધાની, શતાબ્દી અને દૂરંતોનાં ભાડાંમાં ધરખમ વધારે જાહેર થયો છે તે જનસાધારણ માટે અને વિશેષ રેલયાત્રા મારફત જ રોજીરોટી કમાતા લાખો નાગરિકો માટે આઘાતજનક સમાચાર છે. ભારતમાં જાપાન જેવી બુલેટ ટ્રેન તો શરુ થશે ત્યારે થશે ત્યારે થશે પરંતુ હાલ જે ઝડપી ટ્રેનો ઉપલબ્ધ છે તે સામાન્ય નાગરિકની પહોંચ બહારની બની જવાની તે નક્કી. રાજધાની ટ્રેનો રાજયના પાટનગરને દેશની રાજધાની સાથે સાંકળતી ટ્રેન શ્રેણી અન્વયે શરુ કરાઈ હતી. શતાબ્દી ટ્રેનો બે રાજયોની રાજધાનીઓને સાંકળતી દિવસની ટ્રેનો છે, જે પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુની જન્મશતાબ્દીની ઉજવણીના ભાગરૂપે શરૂ કરાઈ હતી. દૂરંતો ટ્રેનો આ બેઉની સરખામણીએ સસ્તી છતાં ઝડપી ટ્રેન શ્રેણી તરીકે તત્કાલિન રેલમંત્રી મમતા બેનરજીની ભેટ છે.આ ત્રણે પ્રકારની સુપરફાસ્ટ ટ્રેનો કે 'પ્રિમિયર' ટ્રેનો અન્ય એક્સપ્રેસ ટ્રેનો કરતાં વધુ ઝડપી છે અને ઓછાં સ્ટેશનોએ થોભે છે.

દૂરંતો ટ્રેન તો અમદાવાદથી ઊપડીને સીધી બોરીવલી થોભે છે. મુંબઈ સુધીનું અંતર છ કલાકમાં જ કાપતી આ ટ્રેનમાં પ્રવાસ કરવો તે પણ એક લહાવો છે. પરંતુ હવે આવી ટ્રેનો સામાન્ય પ્રવાસીના ખીસાને પરવડે એવી રહેવાની નથી. એમનાં ભાડાં પણ વિમાનયાત્રાની જેમ આજથી ફલેક્સી સિસ્ટમ અનુસાર વધી જશે. રેલવે દ્વારા ઝીંકાયેલો આ ભાડાવધારો પીઠ પાછળથી કરાયેલ હુમલા જેવો છે. રેલવે બજેટ વખતે ડાહીડમરી રજૂઆતો કરી યાત્રાળુઓની સુવિધાને જ ટૉપ પ્રાયોરિટી ગણાવનાર રેલમંત્રી સુરેશ પ્રભુએ ધીમે રહીને બલકે પ્રભુ રામે વૃક્ષની

**તંત્રીસ્થાનેથી...**

ઓથે છુપાઈને વાલીનો વધ કરેલો એ સ્ટાઈલમાં જ ભારતીય રેલયાત્રી પર કરેલો કારમો પ્રહાર છે. ફલૅક્સી ફેર સિસ્ટમ દ્વારા પહેલી દસ ટકા બેઠકો પછીની નેવું ટકા સીટોનું બુકિંગ માટેનું ભાડું ક્રમશઃ વધતું જશે, જે વધુમાં વધુ દોઢગણું હશે. દેખીતું છે કે જે મુસાફરો આ પ્રિમિયર ટ્રેનો મારફત પ્રવાસ કરવા ટેવાયેલા છે, એમને નાછૂટકે આ બોજો વહન કરવો પડશે. આશ્ચર્યની વાત એ છે કે એસી ફર્સ્ટ કલાસના મુસાફરોને આ ફલેક્સી સિસ્ટમ લાગુ નહીં પડે. સર્વવિદિત છે કે એસી ફર્સ્ટ કલાસ દ્વારા વીવીઆઈપી સરકારી અમલદારો, સાંસદો અને ઉદ્યોગપતિઓ વગેરે સિવાય ભાગ્યે જ બીજા મુસાફરો મુસાફરી કરતા હોય છે. ભારતીય જનતા પાર્ટીની મૂળ છાપ સુખિયાં લોકોનાં હિતે જાળવતી પાર્ટી તરીકેની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વારંવાર પોતાની સરકારને ગરીબો માટે કામ કરતી સરકાર લેખાવતા રહે છે. હવે રેલમંત્રીએ રાતોરાત ગરીબોનો એકડો કાઢી નાખીને પોત પ્રકાશ્યું છે ત્યારે તેઓ કેમ ચૂપ છે?



# હૃદયસ્થ છો તમે...

અમિયલ દષ્ટિ આપની, અમ પર સદા હજો;
ને પ્રેમની વૃષ્ટિ ય હા ! અમ પર સદા હજો.
ભૂલીએ અમેય શેં કદિ ? બાપા તમારો પ્રેમ ?
અક્ષરલોકથી યે પૂછા કરજો, 'અમે કેમ ?'
ડંકો દીધો છે બાપા, તમે દેશ-દેશાવર;
થઈ ગ્યાં છી અમે રાંક, તમ જાતાં જ સરગાપર.
નોંધારા મૂકીને તમે હાલ્યાં ગયાં અચાનક !
ગાવાં અમાણે તવ ફક્ત, ગુણલા ને કથાનક !
વ્યસનો ને બુરાઈઓને તમે દઈ દીધી રજા;
ફરકાવી વિશ્વભરમાં તમે ધર્મની ધજા !
જગમાં 'બીએપીએસ'ને બાપા અમર કીધું;
હરિભક્તો લાખુંને તમે સુખમય જીવન દીધું.
વિલસે તમારું નામ હા ! બ્રહ્માંડમાં બાપા !
દિપે અનોખું કામ હા ! બ્રહ્માંડમાં બાપા !
આબાલવૃધ્ધ ને યુવા, રહ રહ રૂવે બધાં;
ડૂસકાં ને ડૂમા પી હવે, વાટ્યું જુવે બધાં.
દિલ ને દિમાગ ક્યે છે, ના સ્વર્ગસ્થ છો તમે;
શ્રદ્ધા અમાણી ક્યે છે, હૃદયસ્થ છો તમે.

– ભરત કવિ "ઊર્મિલ"

# ડેન્ગ્યુ કે સ્ક્રબ ટાયફસ...




## તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

સુરેખાબેનને તાવ આવ્યો. આખું શરીર દુખતું હતું. માંથું દુખે. હાથ -પગ દુખે. આંખો લાલ થઈ ગઈ. ડોક્ટર પાસે બતાવા ગયા. ડોકટરે કહ્યું સાદો વાયરલ નો તાવ છે એટલે કે ફ્લુ છે. તાવ આવે ત્યારે પેરાસીટામોલ ની ગોળી ખાવ. સાથે વિટામીન સી લો. વધારે પાણી પીવો. ૧ - ૨ દિવસ મા તાવ માટી જશે. પણ સુરેખાબેનની તબિયત વધારે બગડતી ગયી. અશક્તિ પણ અસહ્ય થઈ ગઈ. ડોકટર ને ફરી બતાવ ગયા. ડોકટરે કહ્યું હવે લોહી ટેસ્ટ જરૂરી છે. ઠંડી લાગે છે. કમર માં દુખે છે. શરીર પર ચકામા પડી જાય છે. મેલેરિયા હોય, ડેન્ગ્યુ હોય, ટાઈફોઈડ હોય. કે પછી વાયરલ હોય. કઈ ખબર પડતી નથી. બ્લડ ટેસ્ટ અને સોનોગ્રાફી કરાવીએ તો કઈ ખબર પડે. સુરેખાબેન લેબોરેટરી માં ગયા. લોહી અને પેશાબ તપાસ કરવા માટે આપ્યો. ડોકટરે તેમણે HBTCDC, MP, Dengue, SGPT, Urine નામના ટેસ્ટ કરાવ્યા. લોહી આપીને સુરેખાબેન સોનોગ્રાફી માટે ગયા. સોનોગ્રાફી વાળા ડોકટરે કહ્યું પેશાબ ની કોથળી માં પેશાબ ઓછો પડે છે. એટલે કે કોથળી ખાલી છે. પાણી પીવો. અને અડધો - કલાક પછી પેશાબ કોથળી માં ભરાય પછી સોનોગ્રાફી કરીએ. કલાક પછી સુરેખાબેનને સોનોગ્રાફી કરાવી ને ઘરે ગયા. સાંજે લેબોરેટરી મા લોહીનો રીપોર્ટ અને સોનોગ્રાફી નો રીપોર્ટ લઇ ડોક્ટર પાસે ગયા. ડોકટરે કહ્યું, સોનોગ્રાફી નો રીપોર્ટ તો નોર્મલ છે. પણ લોહીના રીપોર્ટમા ટોટલ કાઉન્ટ ઓછો છે. પ્લેટલેટ પણ ઓછા છે. ડેન્ગ્યુ નો ટેસ્ટ જેમાં NS1 Antigen પોઝીટીવ છે. જયારે IgG, IgM નેગટીવ છે. એલઈઝાથી ડેન્ગ્યુનો રીપોર્ટ કરેલો છે. એટલે એ રીપોર્ટ સાચો છે. એટલે સુરેખાબેનને ડેન્ગ્યુનો ટેસ્ટ પોઝીટીવ છે. એટલે સુરેખાબેનને ડેન્ગ્યુ છે. દાખલ થઈ જાવ. રોજ સવાર સાંજ પ્લેત્લે કાઉન્ટ કરાવી ડેન્ગ્યુ ને લગતી તમામ દવાઓ ની વધઘટ કરશું. સુરેખાબેન દાખલ થઈ ગયા. ધીરે ધીતે પ્લેટલેટ કાઉન્ટ અને ટોટલ કાઉન્ટ વધતા ગયા. ૩ દિવસ માં સુરેખાબેન નો તાવ જતો રહ્યો અને નોર્મલ થઈ ગયા. ડેન્ગ્યુ થી ગભરાવાની જરૂર નથી. સમયસર ડેન્ગ્યુ નું નિદાન થઈ જાય અને બરાબર દવા મળે તો ડેન્ગ્યુ જીવલેણ નથી. જો વધારે પડતું મોડું કરવા માં આવે તો ડેન્ગ્યુ જીવલેણ પણ સાબિત થઈ શકે છે.

સરીતાબેનને સુરેખાબેનની જેમજ તાવ આવ્યો. પણ સરીતાબેને જરાપણ ગંભીર ન ગણ્યું. અઠવાડિયા - ૧૦ દિવસ પછી તબિયત ખૂબ ખરાબ થઈ જતા ઈમરજન્સીમા ડોક્ટર ને બતાવા લઇ ગાયા. ડોકટરે તપાસ્યા અને ગુસ્સે થઈ ને કહ્યું કે આટલી બધી નિષ્કાળજી જીવલેણ સાબિત થઈ શકે છે. સરીતાબેન ના ઘરના બધા ગભરાઈ ગયા. સાહેબ હવે જે થાય તે કરો. સરીતાબેન ને બચાવો.

ડોકટરે લોહીના ટેસ્ટ તાત્કાલિક કરાવ્યા. જ્યાં મેલેરિયા નેગેટીવ આવ્યો. ટોટલ કાઉન્ટ અને પ્લેટલેટ કાઉન્ટ ખૂબ ઓછા આવ્યા. ડેન્ગ્યુ નો એલઈઝા ટેસ્ટ નેગેટીવ આવ્યો. હવે ડોક્ટર પણ મુંજાયા. ડોકટરે કહ્યું ઘણી વખત વાયરલ ઈન્ફેકશન મા પણ આવું લોહીનું ચિત્ર આવતું હોય છે. સરીતાબેનની તકલીફ ડેન્ગ્યુ ના તાવ ના જેવી જ હતી. એટલે કે માંથું દૂખતું હતું. શરીરે ચકામાં પડી ગયા હતા. શરીરે અસહ્ય અશક્તિ લગતી હતી. અને તાવ ૧૦૪ જેટલો રહેલો હતો. ડોકટરે ફરી સરીતાબેનને તપાસ્યા. ધ્યાન થી બ્લડનો રીપોર્ટ જોયો. સામાન્ય રીતે ડેન્ગ્યુ માં WBC (શ્વેત કણો) ઓછા હોય. પ્લેટલેટ (ત્રાક કણો) ઓછા હોય. સાથે એટીપીકલ લીમ્ફોસાઈટ અને એ ૩૦ સુધી નોર્મલ હોય એ વધીને ૫૦ થી ૬૦ ટકા થઈ ગયા હોય. જયારે સરીતાબેનમાંમા લીમ્ફોસાઈટોસીસની જગ્યા પર ન્યુટ્રોફીલિયા હતું. એટલે ન્યુટ્રોફીલ વધારે હતા. ડૉકટરે સરીતાબેનને ફરીથી તપાસ્યા. જેમા તેમણે શરીર ના ભાગ પર અને ગાળા પર નાની ગાંઠો જોવા મળી. ડોકટરે વિચાર્યું આ કઈક નવું લાગે છે. ઘણી વખત વાયરલ ફીવર મા પણ લીમ્ફનોડ જોવા મળે છે. પણ સરીતાબેન ને માથું દુખે છે. તાવ છે - ઠંડી વાય છે. બરડાના ભાગ થી શરૂ થઈ, છાતીના ભાગેથી આખા શરીર માં લાલ ચકામાં થઈ ગયા છે. બી. પી. (હાઈપોટેન્સન) ઓછું થઈ ગયું છે. લાઈટ સામે જોઈ શકતા નથી. અને મસલ્સ બહુ દુખે છે. એટલે કે કઈક બીજું છે. આ ડેન્ગ્યુ જેવું લાગે છે. પણ ડેન્ગ્યુ નથી. ડોકટરે લેબોરેટરી મા ફોન કરીને પૂછ્યું તમે સ્ક્રબ ટાયફસ નો ટેસ્ટ કરો છો ? લેબોરેટરી વાળા એ હા પાડી. ડોકટરે તરતજ લોહી લઈને ટેસ્ટ કરવાનું કહ્યું. લેબોરેટરી માંથી રીપોર્ટ આવ્યો. સ્ક્રબ ટાયફસ પોઝીટીવ.




ભાઈ આ નવું નવું રોજ શું નીકળ્યા કરે છે. આ સ્ક્રબ ટાયફસ કેવી રીતે થાય? અને શેનાથી થાય?

ઈન્ટરનેટ પર મળતી માહિતી પ્રમાણે જીવાત, બગાઈ,માઈટ વગેરેથી થાય છે.પરંતુ WHO ગાઈડલાઈન પ્રમાણે CHIGGER MITEના લારવાથી થાય છે. સામાન્ય રીતે એડલ્ટ માઈટ થી થતા નથી. લારવા છ પગ વાળા અતિસુક્ષ્મ હોય છે જે સામાન્ય રીતે ઉંદર જેવા તીક્ષ્ણ દાંત વાળા પ્રાણીઓના શરીર પર ના વાળમાં અને ખાસ કરીને કાનની પાછળના ભાગ માં વસવાટ કરે છે જે મનુષ્યના ડાયરેક્ટ કોન્ટેક્ટમાં આવવાથી મનુષ્યના શરીર પર લાલ ચકામાં જેવું થઈ જાય છે અને ઉપર જણાવ્યા પ્રમાણેના લક્ષણોના દેખાય છે.

સ્ક્રબ ટાયફસ ગમે તે રીતે થતો હોય પણ આપણી જવાબદારી પોતાને સાચવી લેવાની છે. કોઈ પણ પ્રકારના લક્ષણો દેખાય કે તરત જ લોહીની તપાસ કરાવવી અને ડોકટરનો સંપર્ક કરવો.

ગભરાવા ની જરૂર નથી. સમયસર જો નિદાન થઈ જાય તો, બધાજ રોગોનો ઈલાજ છે જ.

- sgpathlab@gmail.com

# નેશનલ પ્રેસ ટ્રસ્ટ ઑફ ઈન્ડિયા દ્વારા પત્રકારત્વ માટે કયો એવોર્ડ અપાય છે?

## વિભિન્ન એવોર્ડ



### ખજાનો

અનિલ પટેલ

(૧) સરસ્વતી સન્માન વાચસ્પતિ પુરસ્કાર અને વ્યાસ સન્માન કઈ સંસ્થા દ્વારા અપાય છે ?
(અ) સાહિત્ય અકાદમી (બ) કેન્દ્રીય હિન્દી સંસ્થાન
(ક) ભારતીય જ્ઞાનપીઠ સમિતિ (ડ) કે.કે. બિડલા ફાઉન્ડેશન

(૨) શાહ શાંતિપ્રસાદ જૈન દ્વારા કયા પુરસ્કારની શરુઆત કરવામાં આવી હતી?
(અ) જ્ઞાનપીઠ એવોર્ડ (બ) સુવર્ણકમળ એવોર્ડ
(ક) મૂર્તિદેવી પુરસ્કાર (ડ) બારલોગ પુરસ્કાર

(૩) સૌ પ્રથમ મૂર્તિદેવી પુરસ્કાર કોને એનાયત થયો હતો?
(અ) મનુભાઈ પંચોળી (બ) રામવિલાસ શર્મા
(ક) સી. કે. નાગરાજન (ડ) ડૉ. હરિવંશરાય બચ્ચન

(૪) બંગાળીમાં જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનાર પ્રથમ સાહિત્યકાર કોણ છે?
(અ) ગોપીનાથ મોહંતે (બ) તારાશંકર બંધોપાધ્યાય
(ક) મહાદેવી વર્મા (ડ) રવિન્દ્રનાથ ટાગોર

(૫) મરાઠીમાં જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનાર પ્રથમ સાહિત્યકાર કોણ છે?
(અ) વિષ્ણુ સખા ખાંડેકર (બ) વિન્દા કરન્દીકર
(ક) આશાપૂર્ણા દેવી (ડ) ડૉ. જગન્નાથ પાઠક

(૬) કયા ક્ષેત્ર માટે કુરિયન પુરસ્કાર એનાયત થાય છે ?
(અ) મહિલા ગૃહઉદ્યોગ (બ) ખેતી
(ક) ઉદ્યોગ સાહસિકતા (ડ) ડેરી ઉદ્યોગ

(૭) નેશનલ પ્રેસ ટ્રસ્ટ ઑફ ઈન્ડિયા દ્વારા પત્રકારત્વ માટે કયો એવોર્ડ અપાય છે ?
(અ) રાજીવ ગાંધી એવોર્ડ (બ) ઈન્દિરા ગાંધી એવોર્ડ
(ક) ગોપાલરત્ન એવોર્ડ (ડ) ફિરોઝ ગાંધી એવોર્ડ

(૮) દેશનો સર્વોચ્ચ શૌર્ય પુરસ્કાર સૌ પ્રથમ કોને એનાયત થયો હતો?
(અ) મેજર સોમનાથ વર્મા (બ) મેજર સોમનાથ શર્મા (મરણોત્તર)
(ક) મેજર શિવનાથ વર્મા (ડ) મેજર રામનાથ શર્મા

(૯) આઈન્સ્ટાઈન પુરસ્કાર કઈ સંસ્થા દ્વારા અપાય છે?
(અ) યુએનઈપી (બ) યુનિસેફ
(ક) યુનેસ્કો (ડ) યુએન

(૧૦) ટેલિવિઝન ક્ષેત્રે કયો એવોર્ડ અપાય છે?
(અ) એમ્પી પુરસ્કાર (બ) વી.ડી. ગોયેન્કા પુરસ્કાર
(ક) હરિઓમ આશ્રમ પુરસ્કાર (ડ) ટાયલર પુરસ્કાર

(૧૧) ટાયલર પુરસ્કાર કયા ક્ષેત્ર માટે અપાય છે ?
(અ) ખેલજગત (બ) વિજ્ઞાન
(ક) પર્યાવરણ (ડ) ફિલ્મ જગત

(૧૨) હરિઓમ આશ્રમ પુરસ્કાર કોના દ્વારા અપાય છે ?
(અ) ભારત સંચાર નિગમ (બ) યુજીસી
(ક) એનસીટીઈ (ડ) વિજ્ઞાન અને ટેકનોલોજી

(૧૩) કયો પુરસ્કાર નોબેલ પ્રાઈઝનો વૈકલ્પિક પુરસ્કાર તરીકે જાણીતો છે?
(અ) મેગ્સેસે એવોર્ડ (બ) ઓસ્કાર એવોર્ડ
(ક) ગોલ્ડન ગેટ પુરસ્કાર (ડ) રાઈટ લેવલીહૂડ પુરસ્કાર

(૧૪) સખારોવ શાંતિ પુરસ્કાર કયાક્ષેત્ર માટે અપાય છે?
(અ) વિશ્વશાંતિ (બ) માનવાધિકારનું રક્ષણ
(ક) શોષિતોનું રક્ષણ (ડ) મહિલા સંરક્ષણ

(૧૫) ગુજરમલ મોદી પુરસ્કાર કયા ક્ષેત્ર માટે અપાય છે?
(અ) વિજ્ઞાન (બ) પત્રકારત્વ
(ક) ફિલ્મ (ડ) સંશોધન

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- **૯ સપ્ટેમ્બર ૧૮૫૩ : પીરી મેરી :** ફ્રેન્ચ ન્યુરોલોજીસ્ટ, એન્ડ્રોક્રેયનોલોજીનું પાયાનું કાર્ય કરનાર
- **૯ સપ્ટેમ્બર ૧૮૫૨ : જહોન હેનરી પોઈન્ટીંગ :** બ્રિટીશ ભૌતિકશાસ્ત્રી. ઈલેક્ટ્રોમેગ્નેટીક પ્રવાહ અંગેની પોઈન્ટીંગ વિક્ટર યુનિટ આપનાર
  **૧૦ સપ્ટેમ્બર ૧૮૯૦ : સર મોર્ટીમર વ્હિલર :** સ્કોટીસ આર્કીયોલોજીસ્ટ. રોમન - આર્કીયોલોજી પર સંશોધન કરનાર
  **૧૧ સપ્ટેમ્બર ૧૮૭૭ : સર જેમ્સ જીન્સ :** ઈંગ્લીશ ભૌતિક શાસ્ત્રી, ખગોળશાસ્ત્રી અને ગણિતશાસ્ત્રી. બ્રહ્માંડમાં સતત દ્રવ્યનું સર્જન થાય છે તેવું સાબિત કરનાર.
  **૧૧ સપ્ટેમ્બર ૧૮૪૭ : મેરી વોટ્સન વિન્ટે :** અમેરીકન એસ્ટ્રોનોમર, વસાર કૉલેજ ઓબર્ઝર્વેટરીના નિયામક તરીકે કામ કર્યું.
  **૧૨ સપ્ટેમ્બર ૧૮૯૧ : ગેઝા રોહમેન :** હંગેરીયન - અમેરીકન સાયકો એનાલીસ્ટ. તેઓ પ્રથમ ઈથીનોલોજીસ્ટ હતા. જેમણે સમાજની ગુનાખોરી માટે ટેસ્ટનો ઉપયોગ કર્યો.
- **૧૨ સપ્ટેમ્બર ૧૮૩૮ : ઓથર વોવ ઓવર્સ :** જર્મન ખગોળશાસ્ત્રી. તારા અને ગ્રહોના પરિભ્રમણાનું ચોકસાઈ વાળું કેલેન્ડર બનાવનાર
- **૧૩ સપ્ટેમ્બર ૧૮૮૬ : સર રોબર્ટ રોબિન્સન :** ઈંગ્લીશ કેમીસ્ટ, ઓર્ગેનીક કમ્પાઉન્ડની ઘણી શોધો બદલ ૧૯૪૭માં નોબેલ પ્રાઈઝ મળ્યું
- **૧૩ સપ્ટેમ્બર ૧૮૮૫ : વ્હીલ્હેમ જહોન અર્ગન બ્લાસ્કે :** જર્મન ગણિતશાસ્ત્રી, ભૂમિતિમાં કાયનેકટીક મેપીંગ પદ્ધતિ વિકસાવનાર
- **૧૪ સપ્ટેમ્બર ૧૮૩૩ : એલેક્ષ ઝેન્ડર મેન્સર :** ઓસ્ટ્રેલિયન એન્જીનીયર. રેડિયો ટેલીગ્રાફીમાં એન્ટીના ઈઝાઈન તથા એમ્લીફીકેશન પર સંશોધન કરનાર
- **૧૪ સપ્ટેમ્બર ૧૮૭૯ : માગરિટ :** અમેરિકન બર્થ કંટ્રોલ ચેમ્પિયન, અમેરિકાના બુકલીનમાં પ્રથમ બર્થ-કંટ્રોલ કલીનીક શરુ કરનાર
- **૧૫ સપ્ટેમ્બર ૧૮૮૧ : ઈટ્ટોર બુગટ્ટી :** ઈટાલીયન ઓટોમોબાઈલ એન્જીનીયર, લકઝરી રેસીંગ કાર બનાવનાર
- **૧૫ સપ્ટેમ્બર ૧૮૭૯ : ફ્રેન્ક યુગન લુત્ઝ :** અમેરિકન ઓટોમોજીસ્ટ. તેઓ પર્યાવરણવિદ તથા મ્યુઝીયમ ક્યુરેટર પણ હતા.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : તાજેતરમાં અરવિંદ કેજરીવાલે કયા મંત્રીને સેક્સ કૌભાંડમાં મંત્રીમંડળમાંથી તગેડી મૂક્યા?**

**જવાબ : સંદીપ કુમાર**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : જુ. ઈન્ફો સાયન્સ કૉલેજ
(૪) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭
(૫) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**પૂર્વ ક્રિકેટર નવજોગસિંગ સિંધુએ કઈ નવી પાર્ટીની રચના કરી છે ?**

**'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ,**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) ડ (૨) અ (૩) ક (૪) બ (૫) અ (૬) ડ (૭) ડ (૮) બ (૯) ક
(૧૦) અ (૧૧) ક (૧૨) બ (૧૩) ડ (૧૪) બ (૧૫) અ